SAMVAD E-JOURNAL
ISSN (Online) :2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 3, Issue-4, July-Aug-Sept. : 2025
Published by Rangmati Publication https://www.rangmatipublication.com

# જ્ઞાનમાર્ગી કવિતાનો અગ્રણી કવિ 'અખો'

*શર્મા આરતી કિશોરભાઈ*

*ABSTRACT:*

***અખા ભગત મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં એક અગ્રણી સંતકવિ અને જ્ઞાનમાર્ગી કવિતા પરંપરાના પ્રણેતા હતા. તે ગુજરાતી સાહિત્યમાં તેમની જ્ઞાનમાર્ગી કવિતાઓ માટે જાણીતા છે. તેમણે 'અખેગીતા', 'અનુભવબિંદુ', 'પંચીકરણ', 'ગુરુશિષ્ય સંવાદ' અને 'છપ્પા' જેવી રચનાઓ આપી છે. તેમની રચનાઓમાં મુખ્યત્વે અજ્ઞાન, અંધશ્રદ્ધા, બાહ્યાડંબર અને સામાજિક કુરિવાજો પર કટાક્ષ જોવા મળે છે.***

*Key words:અખો, જ્ઞાનમાર્ગી કવિતા,છપ્પા,*

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં મુખ્યત્વે બે ધારા પ્રવર્તમાન હતી. પ્રેમલક્ષણા ભક્તિ અને જ્ઞાનમાર્ગી કવિતા. ગુજરાતી સાહિત્યમાં પ્રેમલક્ષણા ભક્તિ નરસિંહ, મીરા, દયારામ જેવા કવિઓનાં સર્જનમાં જોવા મળે છે. જ્ઞાનમાર્ગી કવિતાનો પ્રારંભ સૌપ્રથમ બંગાળના સાધુઓ દ્વારા થાય છે. ત્યારબાદ સમગ્ર ભારત દેશમાં જ્ઞાનમાર્ગી કવિતાની ધારા વહેતી જોવા મળે છે. હિન્દી સાહિત્યમાં કબીર, રામાનંદ, હરિદાસ જેવા કવિઓએ જ્ઞાનમાર્ગી કવિતાની ઉપાસના કરી છે. આ પહેલા પણ નામદેવ જેવા સંતો દ્વારા જ્ઞાનમાર્ગી કવિતાનો ઉદઘોષ થતો રહ્યો છે.

ગુજરાતી સાહિત્યમાં અખાને જ્ઞાનમાર્ગી ધારાનો મુખ્ય કવિ ગણવામાં આવ્યો છે. આ ઉપરાંત નરસિંહ, ભાણદાસ, પ્રીતમદાસ ગોપાલદાસ, ધીરો અને ભોજા જેવા કવિઓએ પણ ભક્તિ-જ્ઞાન મિશ્રિત કવિતાઓ દ્વારા સમૃદ્ધ સર્જન કર્યું છે. નરસિંહ મહેતા પાસેથી 'સુખ દુ:ખ મનમાં ન આણીએ રે./ વૈષ્ણવજન તો તેને રે કહીએ./ અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ.' જેવી સામાન્ય ઉપદેશ-જ્ઞાન આપતી રચનાઓ મળે છે.

આ ઉપરાંત નરસિંહના સમકાલીન સર્જક ભીમ પાસેથી 'પ્રબોધપ્રકાશ' અને માંડણ બંધારા પાસેથી 'પ્રબોધબત્રીસી' નામે ઉપદેશપ્રધાન અને જ્ઞાનશ્રયી કૃતિઓ મળી આવે છે. અખાના પુરોગામીઓમાં મહત્વનો જ્ઞાનમાર્ગી કવિ નરહરિ છે. તેના પાસેથી 'હરીલીલામૃત' અને 'જ્ઞાનગીતા' જેવી આત્મવિવેક, કર્મયોગ, બ્રહ્મસ્વરૂપ આદિ વિષયોનું નિરૂપણ કરતી રચનાઓ પ્રાપ્ત થાય છે. આ સાથે જ આપણને ગોપાલદાસની 'ગોપાલગીતા' સહેજે યાદ આવે. અખાએ આ બધા પુરોગામીઓ પાસેથી પ્રેરણા મેળવી જ્ઞાનમાર્ગી કવિતામાં સંપન્ન અને નોંધપાત્ર સર્જન કર્યું છે.

અખાએ જીવનમાં જ્ઞાનમાર્ગ પસંદ કર્યો તેના પાછળ તેના જીવનના કેટલાક પ્રસંગો રહેલા છે. જેણે અખાને જીવનથી વિરક્ત બનાવી દીધો. અખાની ધરમની બહેને તેની સાથે કરેલ વિશ્વાસઘાત અને ટંકશાળમાં નોકરી કરતી વખતે તેના પર ધાતુમાં ભેળસેળ કરવાનો બેબૂનિયાદી આરોપ લાગ્યા બાદ તેનું મન સંસારમાંથી ઊઠી જાય છે. આ બે પ્રસંગોને કારણે તેનું જીવન વૈરાગ્ય તરફ વળ્યું હશે એવું અનુમાન લગાવી શકાય.

જ્ઞાનમાર્ગ જેવા સંકુલ વિષયમાં અખાએ વિપુલ સર્જન કર્યું છે. અખાએ પાંચ દીર્ઘ રચનાઓ, કેટલીક હિન્દી રચનાઓ, પદ, દુહા, સાખીઓ અને છપ્પા વગેરેના સર્જનમાં તે એક જ વિષયને આધીન રહ્યો હોવા છતાં તેમાં વૈવિધ્યનો અનુભવ થાય છે. તેની રચનાઓમાં તત્વવિચારનો રણકો જોવા મળે છે. અખાની સમસ્ત કાવ્યપ્રવૃત્તિ શાંકરમતના કેવલાદ્વૈતના વેદાંતસિદ્ધાંતનું અનુસરણ કરનારી છે. તેનું જીવન અને સર્જન 'ब्रह्मसत्यंजगन्मिथ्याजीवोब्रह्मैवनापर:'-આ પંક્તિમાં ઘૂંટાયેલો જોવા મળે છે. 'અખેગીતા', 'અનુભવબિંદુ', 'પંચીકરણ', 'ચિત્તવિચારસંવાદ', 'ગુરુશિષ્યસંવાદ' જેવી રચનાઓમાં અખાએ વેદાંતશાસ્ત્રનું વિવરણ કર્યું છે.

'અખેગીતા'- અખાની ગીતા છે. ચાલીસ કડવાં અને દસ જેટલા પદોમાં રચાયેલી આ કૃતિ અખાની સર્વોત્તમ રચના ગણાય છે. 'અખેગીતા'નો મુખ્ય વિષય બ્રહ્મવિદ્યા અને આત્મવિદ્યાનો છે. આ સિવાય જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્ય, માયાનિરીક્ષણદ્રષ્ટિ, જીવન્મુક્ત અને મહામુક્તનાં ચિન્હ અને પુષ્ટિ જેવી બાબતોની ચર્ચા અખેગીતામાં થઈ છે. તેના વિષયવસ્તુનો નિર્દેશ અખો તેના છેલ્લા કડવામાં કરે છે,

 શર્મા આરતી કિશોરભાઈ, પીએચ.ડીશોધાર્થી, ગુજરાતી વિભાગ, ભાષા સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

*"એમાં જ્ઞાન ભક્તિ વૈરાગ્ય છે, માંહે માયા નિરીક્ષણ દૃષ્ટય;*
*જીવન્મુક્ત ને મહામુક્તનાં ચિહ્ન ને વળી પુષ્ટય."*

અખો કાચના મંદિરની અલૌકિક ઉપમા દ્વારા માયા-ઈશ્વર-કૈવલ્ય-જીવનો વિચાર આપે છે. કાચના મંદિર પર સૂર્યના કિરણો માયારૂપી અનેક પચરંગી આભાસો દેખાડે છે પરંતુ કિરણો ઉતરતા સૂર્યબિંબ પલટાય છે તેવી જ રીતે ઈશ્વરના અનેક રંગોમાં સાચાપણું માન્ય કરે એવો આભાસ તે જીવ છે;

*"જેમ કાચનું મંદિર રચ્યું નીલ પીત શુભ્ર શ્યામનું-*
*તે ઉપર તપ્યો સૂર જ્યારે, ત્યારે વિચિત્ર રૂપ થયું ધામનું.*
*કૈવલ્યસૂરજ તપે સદા. માયા તે મંદિરકાચ.*
*ઈશ્વર નામ તે તેહનું; પણ જીવ થઈ માન્યું સાચ."*

આ સાથે તે ભક્ત અને ભગવાનના સંબંધનો મહિમા કરતા કહે છે કે;

*"જ્યમ ભક્તને ભગવાન વહાલા, ત્યમ ભક્ત વહાલા ભગવાનને*
*અંતર માંહેનો આશય જાણી, શકે ન મૂકી ધામને.*
*જેવા ભક્તને ભગવાન દુર્લભ, એવા ભક્ત દુર્લભ રામને.*
*ભક્ત બીજા છે ઘણા : ઈચ્છે ધર્મઅર્થમોક્ષકામને."*

અખો આ રચના દ્વારા સંતોના સંગથી થતા લાભ તેમજ ભક્તિ-જ્ઞાન-વૈરાગ્યનું માહાત્મ્ય દર્શાવે છે,જેમાં તે ભક્તિને એક પંખીણી કહે છે, જેને જ્ઞાન અને વૈરાગ્યની બે પાંખો છે.

*"સંત સેવે તે સર્વ સુખ પામે જી : મન ન લાગે બીજે ભામે જી;*
*જન્મમરણ ને સુખદુ:ખ વામે જી; જેમ જળ ઢળી આવે નીચે ખામે જી."*
*"ભાઈ ભક્તિરૂપી પંખીણી, જેને જ્ઞાન વૈરાગ્ય બેઉ પાંખ છે;*
*ચિદાકાશ માંહે તે જ ઉડે, જેને સદગુ.રુ રૂપી આંખ છે."*

'અખેગીતા'એ અખાના તત્વચિંતનનો અને અદ્વૈત સિદ્ધાંતના નિરૂપણનો ઉત્તમ ગ્રંથ છે. અખેગીતા અને છપ્પાના વિષયો ઘણા અંશે એક જેવા છે. 'અખેગીતા'ના ગુરુમાહાત્મ, માયાનું સ્વરૂપ, ભક્તિ-જ્ઞાન-વૈરાગ્યનું મહત્વ, સમાજના મિથ્યાવાદના વર્ણનો જેવા વિષયો છપ્પામાં પણ નિરૂપાયા છે.

'અનુભવબિંદુ' અખાની આધ્યાત્મિક અનુભૂતિનું કાવ્યગ્રંથ છે. 'અનુભવબિંદુ'માં અખાએ જીવ-જગત-માયા અને બ્રહ્મસ્વરૂપનાં પરસ્પર સંબંધને કૈવલાદ્રૈતના સિદ્ધાંતને સમજાવે છે. બ્રહ્મ એક છે – આ વાત અખેગીતાની જેમ અનુભવ બિંદુમાં પણ તે ત્રણ ઉપમાચિત્રો દ્વારા સમજાવે છે. તેમાંનું એક ઉપમાચિત્ર જોઇએ જ્યાં તે કાચના મંદિરનું રૂપક આપીને જીવ જગત અને ઈશ્વરનો ખયાલ આપે છે;

*"જ્યમ મોટા મંદિર માંહે ત્યાંહે છે કાચ જ હાળ્યા,*
*નીલ પીત બહુ રંગઢંગના ભેદ જ ભાળ્યા.*
*ત્યાં ઊગ્યો શશી કે સૂર, દૂરથી અતિ ઝળકે,*
*તે બહુ દેખાડે રૂપ, ધૂપ વિવિધ પેર ચળકે.*
*અખા ઉપર અવિલોકતાં, તે ત્યાં છે તેમનું તેમ છે;*
*ત્યમ ત્રિલોકી જાણજે વસ્તુ વડે એ એમ છે."*

'પંચીકરણઃ ઈ.સ. ૧૬૪૫માં રચાય છે. આ કૃતિ અખાના પ્રારંભકાળની રચના છે. તેમાં તેણે શરીરની અવસ્થાઓનું અને પંચમહાભૂત તત્વોથી થતી પિંડ-બ્રહ્માંડની સર્જન પ્રક્રિયાનું નિરૂપણ કર્યું છે. અખાના માટે બ્રહ્મવસ્તુનું લક્ષણ તો શૂન્ય છે. તેમાં પ્રણવ-ઓમકારની ધૂનથી ત્રણ ગુણો અનેતેના દ્વારા મહાભૂતોની સૃષ્ટિનું સર્જન થાય છે.

*"વસ્તુ વિષે સ્વભાવેં શૂન્ય, તે માંહાં પ્રણવ ઉઠે ધૂન્ય,*
*તે ઓંકાર જાણે ત્રિવર્ગ, તત્વ તે તેહેનો ઉપસર્ગ."*

'ગુરુશિષ્યસંવાદ' અને 'ચિત્તવિચારસંવાદ'માં પણ અખો તત્વજ્ઞાનની જ વાત કરે છે. 'ગુરુશિષ્યસંવાદ'માં તે ગુરુ-શિષ્યની એકરૂપતા દર્શાવે છે અને 'ચિત્તવિચારસંવાદ'માં પણ 'ગુરુ કૈવલ્ય, કેવલ્ય તે ગુરુ' એમ કહે છે. અખાએ હિન્દી ભાષામાં સાખીઓ, પદો અને 'બ્રહ્મલીલા' અને 'સંતપ્રિયા' જેવી કૃતિઓની રચના કરી છે. તેની હિન્દી રચનાઓમાં પણ જ્ઞાનશ્રયી કવિતાનો પ્રવાહ નિરંતર વહેતો જોવા મળે છે. અખાની હિન્દી

રચનાઓ વિશે ઉમાશંકર જોશી કહે છે કે, "હિન્દી ભાષામાં ધર્મ પરત્વે જે જાગરૂપતા અને સ્પષ્ટ કથન કબીરમાં જોવા મળે છે તેનું દર્શન ગુજરાતીમાં આંખો કરાવે છે."

*"અખા મરણ કા ભે નહીં, ઔર જીવન કા ભી નાહેં;*
*મરણ જીવન દો મોજ હૈ ચેતનસાગર માંહે."*

અહીં અખો જીવન અને મૃત્યુને ચૈતન્યસાગરની લહેરો સ્વરૂપે જુએ છે.

અખો સાચો જ્ઞાની છે. "અખાને મતે 'સાચું સાધન શુદ્ધ વિચાર' એટલે કે જ્ઞાન છે. સદવિચાર વિના કરે જે ઘણું, પણ ધૂળ ઉપર અખા લીંપણું'. પ્રભુની જેમ જ, અંતરથી અકર્તા રહી કર્મ કરવાનો ગીતાબોધનો નિષ્કામ કર્મનો માર્ગ એ ચીંધે છે;

*"અંતર રહે અકર્તા થઈ, તો કર્મ કરતા લાગે નહીં;*
*જ્યમ ભાજે ઘડે સહેજે સંસાર, પણ અખા અકર્તા રહે કિરતાર."*

અખાની કવિ તરીકેની વિશિષ્ટ સિદ્ધિ તેના છપ્પાઓમાં જોવા મળે છે. 'અખેગીતા' અને 'અનુભવબિંદુ'માં અખાએ ભક્તિ અને જ્ઞાનવિષયક જે વિચારો રજૂ કર્યા છે તે જ વિચારો છપ્પાઓમાં અંગરૂપે આપે છે. તેણે 746 જેટલા છપ્પાઓની રચના કરી છે અને તેમાં વર્ણેલા વિચારોને ધ્યાનમાં રાખી વિષયવાર 44 અંગમાં વિભાજિત કર્યા છે. અખાના છપ્પા ગુજરાતી સાહિત્યમાં અદ્વિતીય સ્થાન ધરાવે છે. તેના છપ્પાઓમાં તત્કાલીન સમાજમાં વ્યાપેલા આડંબરો માટેનો તિરસ્કાર સ્પષ્ટ પણે જોવા મળે છે.

અખાએ છપ્પામાં મુખ્યત્વે સમાજ અને ધર્મના દંભ, પાખંડ, આડંબર, દુરાચાર, દુવૃત્તિ, અંધશ્રદ્ધા, વહેમો, કર્મકાંડ, તિલક, તીર્થાટન જેવા તત્વોને ખુલ્લા પાડી તેના પર પોતાની ચાબખા જેવી વાણીના પ્રહાર કરી એક રીતે સમાજસુધારાનું કાર્ય કરે છે. એ લોકોના બાહ્ય કર્મકાંડની ટીકા કરતા કહે છે કે;

*"તિલક કરતાં ત્રેપન થયાં, જપમાલાનાં નાકાં ગયાં*
*તીરથ ફરી ફરી થાક્યા ચરણ, તોય ન પોહોતો હરિને શરણ.*
*કથા સુણીસુણી ફૂટ્યા કાન, અખા તોય ન આવ્યું બ્રહ્મજ્ઞાન."*

*"એક મૂરખને એવી ટેવ, પથ્થર એટલા પૂજે દેવ;*
*પાણી દેખી કરે સ્નાન, તુલસી દેખી તોડે પાન,*
*એ અખા વડું ઉતપાત, ઘણા પરમેશ્વર એ ક્યાંની વાત ?"*

*"આંધળો સસરો ને સરંગટ વહુ, એમ કથા સાંભળવા ચાલ્યું સહુ,*
*કહ્યું કાંઈ ને સમજ્યું કશું, આંખનું કાજળ ગાલે ઘસ્યું,*
*ઊંડો કૂવો ને ફાટી બોક, શીખ્યું સાંભળ્યું સર્વે ફોક."*

આ છપ્પાઓમાં અખાએ લોકોના ધર્મ અંગેની અજ્ઞાનતા ઉપર ધારદાર કટાક્ષ કર્યો છે. અહીં તે સમાજને હસતા હસતા ધર્મના સાચા તત્વને સમજાવવા મથે છે. અખો ભક્તિ સાથે જ્ઞાન અને વૈરાગ્યને પણ જરૂરી ગણે છે. ભક્તિ માટે જ્ઞાનની આવશ્યકતા હોય છે પરંતુ ભક્તિનો દંભ કરનારા પાખંડોથી સમાજને ચેતવતા અખો કહે છે;

*"અખા તે નર ચેત્યો ખરો, જે ચાલ્યો માથા ઊફરો;*
*ઊંઠ હાથમાં સહુ કો રમે, જાગ જોગ એટલામાં ભમે.*
*મુક્તિ ચતુર્ધા એટલા લગે, પણ પદ રહી જોતાં પડશે વગે."*

અખાનો વૈરાગ્ય વિચાર અતિ સૂક્ષ્મ છે. તેના વૈરાગ્યવિષયક છપ્પાઓમાં તેની સમજનો વિસ્તાર જોઈ શકાય છે;

*"મુક્તિ પામવા મુખ્ય વૈરાગ્ય, જો બેઉ પાસથો છૂટે રાગ;*
*ધ્યે'ધ્યાતાથો આઘો વટે, તે અનુભવતાં ચોકચોવટે.*
*બીજી અખા રસાળી વાત, સર્વાતીત નોહે સાક્ષાત."*

*"સત્ય વૈરાગ સ્વેં જાણો હરિ, ત્યાં માયા નહિ, શું ગ્રહીએ આદરી ?*
*જ્યમ નવે ગ્રહનાં રતન મુલવાય, પણ પારસનું મૂલ કોણે ન થાય.*

*અખા તે વૈરાગ્ય વિચાર, કંઈ વેષ તુંને નહિ મૂકે પાર."*

અખો વૈરાગ્યને સાક્ષાત હરિનું રૂપ માને છે જ્યાં કોઈ માયા નથી. પરંતુ જગતમાં માયા અનેક સ્વરૂપોમાં વિહરે છે અને લોકોમાં જાતજાતના પ્રલોભનો જગાડે છે. બધા જ પ્રકારના કર્મ, સારા-નરસા કાર્યો, દેવ-દાનવ જેવી વૃતિ માટે તે માયાને જવાબદાર ગણે છે અને કહે છે;

*"માયાના ગુણ કર્મ રૂપ નામ, માયાના ગુણ શ્વેત ને શ્યામ;*
*માયાને મારા પારકા, દેવદાનવ બેઉ માયા થકા,*
*માયાના ગુણ જ્યાં નવ છબે, તેહ અખાને આવ્યું લબે."*

*"માયા છે મહામોહોટી જાળ, પાસે કોરે ઊભો કાળ,*
*વિશ્વ સકળ એ ટોળે મળે. માંહે પેઠું તે નવ નીકળે.*
*અખા જેને સદગુરૂની દયા, તે ઝીણા થઈને નીસરી ગયા."*

અખાનો ગુરુવિચાર પણ ઘણો લાક્ષણિક છે. ગુરુપણાનો ડોળ કરનાર પાખંડીઓને ઉઘાડા પાડવા માટે તે પોતાની કટાક્ષ શક્તિનો સારો પરિચય કરાવે છે.

*"ગુરુ થઈ બેઠો હૂંસે કરી, કંઠે પા'ણ શકે ક્યમ તરી ?*
*જ્યમ નાર નાનડી હવું પ્રસૂત, વળતી વાધે નહિ અદ્દ્ભુત.*
*ત્યમ શિષ્યને ભારે ભારો રહ્યો, અખા તો મૂળગેથો ગયો."*

*"ગુરુ થઈ મૂરખ જગમાં ફરે, બ્રહ્મવેત્તાની નિંદા કરે,*
*ભૂતકાળમાં જે થઈ ગયા, તેની મનમાં ઇચ્છે મયા.*
*અખા તે ક્યમ ભવની ટાળે વ્યથા, જે નિત્ય મડદાંની વાંચે કથા."*

અખાની કટાક્ષયુક્ત વાણી અને તર્કપૂર્ણ દ્રષ્ટિ સમાજના દરેક પાસા પર ફરે છે. સમાજમાં જ્યાં પણ તેન પાખંડ, દંભ, અજ્ઞાન, વહેમ, અંધશ્રદ્ધા, રૂઢિવશતા જુએ છે ત્યાં એને નિર્મમપણે ઉઘાડું પાડે છે. તેની આમ તડ અને ફડ કહી દેવાની રીત એના અનુભવોનું પરિણામ છે. અખાના છપ્પાઓમાં જ્ઞાનમાર્ગની ઊંડી સમજ જોઈ શકાય છે. તેનું તત્વજ્ઞાન તેના છપ્પાઓમાં પણ અભિવ્યક્ત થાય છે. અખો માત્ર શુષ્ક વેદાંતમાં રચનારો કવિ નથી બની રહ્યો, તે બ્રહ્માનુભવનો કવિ છે. તેની રચનાઓમાં પણ આત્માનુભવનો રણકો અને બ્રહ્માનુભવની ખુમારી જોવા મળે છે. માટે જ શ્રી ઉમાશંકર જોશી અખાને 'ગરવા જ્ઞાનનો વડલો' કહી બિદરાવે છે.

અખો ભગત ગુજરાતી સાહિત્યમાં સત્તરમી સદીમાં બળવત્તર બનેલી જ્ઞાનમાર્ગી કવિતાનો સૌથી મોટો આગેવાન છે. તેણે પોતાના સમયમાં સમાજ માટે એક જાગૃત ચોકીદાર તરીકેની ભૂમિકા ભજવી છે. અખો તત્વચિંતક છે, તે એક આકરો આલોચક છે, એ માત્ર ગુજરાતી જ્ઞાનમાર્ગી કવિતાનો જ નહીં પરંતુ ભારતીય જ્ઞાનમાર્ગી કવિતાનું એક ઉજવળ અને ઉત્તુંગ શિખર છે. ભક્તિમાર્ગના વહેતા પ્રવાહમાં અખો જ્ઞાનમાર્ગનું મોજુ બનીને આવે છે. "આપણી ભાષામાં કોઈ તત્વજ્ઞ કે જ્ઞાની કવિ અખા સિવાય હજી બીજો પાક્યો નથી." ઉમાશંકર જોશીનું આ વિધાન આજે પણ સાચું ઠરે છે. 'જ્ઞાનીને કવિ ન ગણનાર' અખો જ્ઞાની અને કવિ બંને છે. અખાના સંપૂર્ણ સર્જનમાં શબ્દે-શબ્દે જ્ઞાનમાર્ગી કવિતાની ધારા વહેતી રહી છે.

Refrence:

(૧) અખો એક અધ્યયન [સંશોધિત-સંવર્ધિત આવૃત્તિ] લે. ઉમાશંકર જોશી, પુનમુદ્રણ આ. -૨૦૧૧, પ્ર. ગુજરાત વિદ્યાસભા.

(૨) અખેગીતા, સં. વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી, વ્રજરાય મુ. દેસાઈ,આ. પ્રથમ ૨૦૦૭, પ્ર. અરુણોદય પ્રકાશન.

(૩) અખાના છપ્પા, સં. ડૉ.રમેશ એમ. ત્રિવેદી, આ. બીજી ૨૦૧૫, પ્ર. આદર્શ પ્રકાશન.

(૪) ગુજરાતી સાહિત્યનો ઇંતિહાસ, ગ્રંથ ,: ૨, ખંડ : ૧, પુનમુદ્રણ આ. ૨૦૨૧, પ્ર. ગુજરાતી સાહિત્ય પરિષદ.